# 6

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સબ ડિસ્ટ્રીકટ હોસ્પિટલ**

***15/4/196 હેમંતભાઈ હરદાસભાઈ આહિર** ( જામજોધપુર )**: માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર કઈ સબ ડિસ્ટ્રીકટ હોસ્પિટલ ક્યારથી કાર્યરત છે, | (૧) તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ જામનગર જીલ્લા ખાતે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૨૯–૧૦–૨૦૨૦ના ઠરાવથી સામુહિક આરોગ્ય કેન્દ્ર ધ્રોલને સબ ડિસ્ટ્રીકટ હોસ્પિટલ તરીકે અપગ્રેડ કરી કાર્યરત કરવા અનુમતિ મળેલ છે.<br>દેવભૂમિ દ્વારકા સબ ડિસ્ટ્રીકટ હોસ્પિટલ તરીકે કાર્યરત છે. |
| (૨)ઉકત સ્થિતિએ ઉક્ત જિલ્લાઓમાં વસ્તીના ધોરણે કેટલી નવી સબ ડિસ્ટ્રીકટ હોસ્પિટલની જરૂરીયાત છે, અને | (૨) જામનગર જીલ્લામાં બે(૨) સબ ડિસ્ટ્રીકટ હોસ્પિટલની જરૂરીયાત છે અને દેવભૂમિ દ્વારકા જીલ્લામાં ૧(એક) સબ ડિસ્ટ્રીકટ હોસ્પિટલની જરૂરીયાત છે. |
| (૩)ઉકત સ્થિતિએ ઘટતી સબ ડિસ્ટ્રીકટ હોસ્પિટલ ક્યાં સુધીમાં બનાવવામાં આવશે? | (૩) ધ્રોલ સામુહિક આરોગ્ય કેન્દ્રને સબ ડિસ્ટ્રીકટ હોસ્પિટલ તરીકે અપગ્રેડ કરવા મળેલ મંજુરી અન્વયે કાર્યવાહી પ્રગતિ હેઠળ છે. જામનગર જીલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્ર જામજોધપુરને સબ ડિસ્ટ્રીકટ હોસ્પિટલમાં અપગ્રેડ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ છે. |

-----------